ગાંધીનગર સમાચાર

પંચાયત સંકુલમાં વિપક્ષની ચેમ્બર આંચકી લેવાના નિર્ણયથી રાજકીય સન્નાટો

# સે-૨૧ શોપિંગના બંધ ફુવારાનો કાટમાળ હટાવો

**વેપારીઓની ઉગ્ર રજૂઆત : વર્ષોથી બંધ ફુવારાના સ્થાને પાર્કીંગ બનાવવા તત્કાલિન મુખ્ય સચિવ બાદ હવે ધારાસભ્યની ભલામણ : ફુવારાનો કાટમાળ ખસેડી જગ્યા પાર્કીંગ માટે ખુલ્લી કરવાના મુદ્દે વિચારણાથી આગળ કાંઇ થતુ નથી :વાઇબ્રન્ટમાં બ્યુટીફિકેશન પાછળ કરોડોનો ખર્ચ કરાશે : આમ નાગરિકોની દુવિધા નિવારવા નિરસતા**





ગાંધીનગર તા ૧૯

શહેરના સે-૨૧ ડિસ્ટ્રીકટ શોપિંગ સેન્ટરમાં બંધ ફુવારાના ઠેકાણે કાટમાળ અને ગંદકી ખદબદી રહી છે. અગાઉ રાજયના તત્કાલીન મુખ્ય સચિવે સુચના આપ્યા બાદ દોઢ વર્ષના અંતે પણ સમસ્યાનો ઉકેલ આવ્યો નથી. સ્થાનિક ધારાસભ્યએ પણ ફુવારાના ઠેકાણે પાર્કીંગ કરવાની ભલામણ કરી છે. સે-૨૧ શોપિંગમાં વેપારીઓ તેમજ મુલાકાતીઓ માટે નયનરમ્ય નજારો ઉભો કરવા લાખો રૂપિયાના ખર્ચે ફુવારા મુકવામાં આવ્યા હતા. પરંતુ જાળવણીના અભાવે આ વિસ્તારમાં બ્યુટીફિકેશનના નામે મીંડુ ચિતરાયુ છે. છેલ્લા સાત વર્ષથી બંધ ફુવારા આમ નાગરિકો માટે પણ દુવિધારૂપ બન્યા છે. આમછતા તંત્ર દ્વારા કોઈ

● અનુસંધાન પાન-૭ પર

# રાષ્ટ્રપતિના આગમન પુર્વે બાપુ નોલેજ વિલેજ કોલેજમાં ત્રણ હેલીપેડ તૈયાર કરાયા

ગાંધીનગર તા ૧૯

રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીના આગમનને અનુલક્ષી તંત્ર પુર્વ તૈયારીમાં વ્યસ્ત છે. જયારે રાષ્ટ્રપતિ બાપુ નોલેજ વિલેજ કોલેજની મુલાકાત લેવાના હોવાથી કોલેજ સંકુલમાં પણ ત્રણ હેલીપેડ તૈયાર કરી દેવાયા છે. આ ઉપરાંત ક-૭ થી કોલેજ સંકુલ સુધીના માર્ગને પણ ચકાચક બનાવવાનુ કામ યુધ્ધના ધોરણે ચાલી રહયુ છે.

આગામી તા ૨૨ અને ૨૩ ઓકટોબરના રોજ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી ગાંધીનગરની મુલાકાતે આવશે. આ દરમિયાન પ્રિ વાઈબ્રન્ટ કોન્કલેવમાં હાજરી આપશે. જયારે બાપુ નોલેજ વિલેજ કોલેજમાં પણ રાષ્ટ્રપતિ એક કાર્યક્રમમાં હાજરી આપવાના હોવાથી તૈયારીઓનો ધમધમાટ ચાલી રહયો છે. રાષ્ટ્રપતિ બાપુ નોલેજ કોલેજમાં હેલીકોપ્ટર મારફતે જવાના હોવાથી કોલેજ સંકુલમાં ત્રણ હેલીપેડ તૈયાર કરી દેવાયા છે. બાપુ કોલેજમાં દરવર્ષે વિદ્યાર્થીઓને પ્રોત્સાહીત કરવા માટે એક વક્તવ્યનો કાર્યક્રમ યોજવામાં આવે છે. અગાઉ પણ સ્વ અબ્દુલ કલામે કોલેજ સંકુલની મુલાકાત લીધી હતી. વિદ્યાર્થીઓમાં પણ ઉત્તેજનના મોજુ પ્રવર્તયુ હતુ. જયારે આગામી તા ૨૩ ના રોજ પણ કોલેજમાં મહાનુભાવોનુ વકતવ્ય અંતર્ગત કાર્યક્રમ યોજાશે જયારે તેજસ્વી વિદ્યાર્થીઓને પણ સન્માનિત કરવામાં આવશે. આ કાર્યક્રમમાં રાષ્ટ્પતિ પ્રણવ મુખર્જી પણ હાજરી આપશે. જેને અનુલક્ષી કોલેજ સંકુલમાં રાષ્ટ્રપતિને વેલકમ કરવા માટે તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. કોલેજ સુધીના રૂટમાં રાષ્ટ્પતિ હેલીકોપ્ટર મારફતે પહોંચે તે માટે કોલેજ સંકુલમાં ત્રણ હેલીપેડ તૈયાર કરી દેવાયા છે. જયારે રોડ નેટવર્કને અનુલક્ષીને પણ ક-૭ થી કોલેજ તરફના રોડનુ પેવરકામ ચાલી રહયુ છે. આગામી એકાદ દિવસમાં જ રસ્તાનુ કામ પુર્ણ કરી દેવાશે. એકબાજુ પોલીસ તંત્ર દ્વારા પુરતી સલામતી વ્યવસ્થા યોગ્ય કરવા માટે પણ આયોજન કરવામાં આવી રહયુ છે. રાષ્ટ્પતિના આગમનની તૈયારીમાં તંત્ર કક્ષાએ પણ બેઠકોનો દૌર ચાલી રહયો છે.

# આયોજન સમિતિમાં અપેક્ષિત પરિણામ

**બન્ને પક્ષોમાં ખુશી : નગરપાલિકાની ચાર બેઠકોના જંગમાં સામ-સામે ક્રોસ વોટીંગ થયાના દાવાઓ કરાયા**

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લા આયોજન સમિતિમાં બન્ને પક્ષોમાં ક્રોસ વોટીંગ પછી પણ અપેક્ષિત પરિણામ આવતાં બન્ને પક્ષોએ સંતોષ અને રાહતની લાગણી અનુભવી છે.

જિલ્લા પંચાયત ખાતે આજે સવારે પંચાયતની ૧૬ બેઠકો અને નગરપાલિકાની ચાર બેઠકો માટેની ચૂંટણીની મતગણતરી હાથ ધરવામાં આવી હતી.

પંચાયતની ૧૬ બેઠકો પર કોંગ્રેસના ૧૬ ઉમેદવારો ઉપપ્રમુખ ભરત પટેલ તથા કારોબારી સમિતિના ચેરમેન અરવિંદસિંહ સોલંકી



સહિતના તમામ ઉમેદવારો વિજયી જાહેર થયા હતા. બધાને ૨૪-૨૪ મત મળ્યા હતા. જ્યારે વિપક્ષ ભાજપના બે ઉમેદવારોને ૬-૬ મત મળ્યા હતા.

નગરપાલિકાની ચાર બેઠકો પરના ચૂંટણી જંગમાં ૬ થી વધુ સભ્યોએ ક્રોસ વોટીંગ કર્યુ હતુ. જો કે તેમાં ભાજપના ચારેય ઉમેદવારો જંગી સરસાઈ સાથે વિજયી થયા હતા.

નગરપાલિકાની ૪ બેઠકોની ચૂંટણીમાં ભાજપના ૪ સભ્યોએ કોંગ્રેસના ઉમેદવારોની તરફેણમાં મતદાન કર્યુ હોવાનો દાવો કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીએ કર્યો છે. તો ભાજપની તરફેણમાં પણ ૨ થી વધુ કોંગ્રેસી સભ્યોએ મતદાન કર્યુ હોવાનો દાવો ભાજપ તરફથી કરવામાં આવી રહ્યો છે.

નગરપાલિકાના ૧૨૩ મતદારોમાં ભાજપના ૮૫ સભ્યો હતો જ્યારે કોંગ્રેસના ૩૮ સભ્યો હતો. ભાજપના ચૂંટાયેલા ચારેય

● અનુસંધાન પાન-૭ પર

# પંચાયત સંકુલમાં વિપક્ષની ચેમ્બર આંચકી લેવાના નિર્ણયથી રાજકીય સન્નાટો

**પંચાયત એક્ટમાં વિપક્ષને જગ્યા ફાળવવાની કોઈ જોગવાઈ કરવામાં આવી નથી : વિપક્ષના નેતા જ નથી જગ્યાની સંકડાશ હોવાથી ચેમ્બર નથી ફળવાઈ : કોંગ્રેસ**

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે આયોજન સમિતિની ચૂંટણી બાદ વિપક્ષને ફાળવવામાં આવેલ ચેમ્બર રદ કરી તે ચેમ્બર ૨૦ મુદ્દા અમલીકરણ સમિતિના ચેરમેનને ફાળવવાના નિર્ણયથી પંચાયત પરિસરમાં રાજકીય સન્નાટો છવાઈ જવા પામ્યો છે.

વિપક્ષને બીજા માળે ચેમ્બર બનાવડાવી અને ફાળવવામાં આવી હતી પરંતુ ભાજપ અને કોંગ્રેસ વચ્ચે થયેલી રાજકીય ખટાસને લઈ આજે ચેમ્બર ફાળવણીનો નવો હૂકમ કરવામાં આવ્યો હતો.

વિપક્ષની ચેમ્બર પર સવારે જ ૨૦ મુદ્દા અમલીકરણ સમિતિના ચેરમેન ચારેલનું બોર્ડ લાગી જવા પામ્યું હતું.

જિલ્લા પંચાયત પ્રમુખના નજીકના વર્તુળોમાંથી મળતી વિગતો પ્રમાણે વિપક્ષને ચેમ્બર ફાળવવી તેવુ કોઈ ધારકીય જોગવાઈમાં કહેવાયુ નથી અને હાલ પંચાયતમાં જ જગ્યાની સંકડાશ હોવાથી આ નિર્ણય લેવામાં આવ્યો છે.

૨૦ મુદ્દા અમલીકરણ સમિતિના ચેરમેનને અગાઉ આંકડા શાખા અને મહિલા બાળ વિકાસ સમિતિની શાખા વચ્ચે આવેલ કોન્ફરન્સ રૂમમાં જગ્યા ફાળવાવમાં આવી હતી. આજે ૨૦ મુદ્દા અમલીકરણ સમિતિના ચેરમેન ચારેલે તેમને નવી ફાળવવામાં આવેલ ચેમ્બરનો ચાર્જ પણ લઈ લીધો છે.

બીજી તરફ ભાજપના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ કોંગ્રેસે કિન્નાકોરી દાખવી અને વિપક્ષના સભ્યોના હક્કો પર તરાપ મારી છે તેવો મત વ્યકત થઈ રહ્યો છે. વિપક્ષના સભ્યોને પંચાયતમાં બેસવાનું સૌજન્ય પણ સત્તાધારી પક્ષ ના દાખવી શકે તે પંચાયતી રાજ વ્યવસ્થામાં શોભનીય નથી.

દરમ્યાન જિલ્લા પંચાયતના પરિસરમાં એવી પણ ચર્ચાઓ થતી હતી કે વિપક્ષના નેતા તરીકે હજુ કોઈની પસંદગી કરાઈ નથી અને તેની સત્તાવાર જાણ પણ પંચાયતના સચિવ કે સત્તાધારી પક્ષને કરવામાં આવી નથી. પંચાયતમાં એવી પણ ચર્ચા થતી સાંભળવા મળી હતી કે વિપક્ષના નેતા પદ માટે ભાજપમાં આંતરિક લડાઈ ચાલી રહી હોવાથી જગ્યાના અભાવનું બ્હાનું આગળ ધરી ફાળવવામાં આવેલ ચેમ્બર પરત લેવામાં આવી છે.

# સેમેસ્ટર પરીક્ષામાં ફિઝીક્સનુ પેપર અઘરુ અને બાયોલોજીનુ સરળ

ગાંધીનગર તા ૧૯

ધોરણ ૧૨માં સેમેસ્ટર ત્રણની કસોટીના અંતે આજે બાયોલોજીનુ પેપર સરળ નિકળતા વિદ્યાર્થીઓએ હાંશકારો અનુભવ્યો હતો. જીવવિજ્ઞાનનુ પેપર પાઠય પુસ્તક આધારિત અને સરળ રહેતા વિદ્યાર્થીઓમાં ખુશી પ્રવર્તી હતી. જયારે અગાઉ ફિઝિક્સના પેપરમાં ચાર ગુણના દાખલા ફેરવીને પુછાતા વિદ્યાર્થીઓ મુંઝવાયા હતા. વિષય નિષ્ણાંત અજયસિંહ રાજપુતે આ અંગે જણાંવ્યુ હતુ કે જીવવિજ્ઞાનનુ પેપર પાઠય પુસ્તક આધારિત અને સરળ હતુ. વિદ્યાર્થીઓને મુંઝવતા વિધાન અને કારણવાળા પ્રશ્નો માત્ર ત્રણ જ પુછાયા હતા. જેથી વિદ્યાર્થીઓએ વધુ રાહત અનુભવી હતી. આકૃતિના નામનિર્દેશન આધારિત સાત પ્રશ્નો પણ સરળ પુરવાર થયા હતા. સેમેસ્ટર પરીક્ષામાં અગાઉ ફિઝિક્સના પેપરમાં ચાર પ્રશ્નો વિદ્યાર્થીઓ માટે અઘરા પુરવાર થયા હતા. વિષય નિષ્ણાંત બળવંતસિંહ રાજપુતના જણાંવ્યા મુજબ ફિઝિક્સનુ પેપર વિદ્યાર્થીઓ માટે પ્રમાણમાં અઘરુ અને નિયત સમયમાં પુર્ણ કરવામાં અટપટુ પુરવાર થયુ હતુ.



તરણ સ્પર્ધા - ઓલ ઈન્ડિયા સિવિલ સર્વિસ સ્વીમીંગ કોમ્પીટીશન છેલ્લા બે દિવસથી ગાંધીનગરમાં આરંભાઈ છે... દેશના તમામ રાજ્યોના સરકારી કર્મચારી પરિવારોના તરવૈયાઓ સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ રહ્યા છે... સેક્ટર-૨૧ જીમખાના ખાતે યોજાયેલ સ્વીમીંગ સ્પર્ધાને માણવા મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# મેલેરિયાના સર્વેલન્સમાં વધુ ૧.૫૦ લાખ લોકોને આવરી લેવાયા

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લામાં વાહકજન્ય રોગચાળાના કેસો શોધવા માટે ચાલતા હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં આજે વધુ ૧.૫૦ હજારથી વધુ લોકોને આવરી લેવામાં આવેલ છે.

આજે સર્વેલન્સ દરમ્યાન તાવની ફરિયાદ કરતા ૩૬૦ લોકોના લોહીના નમૂના લેવામાં આવ્યા છે. જે ચકાસણી માટે મોકલી આપવામાં આવેલ છે.

તંત્રની ટીમોએ આજે સર્વેલન્સ દરમ્યાન ૧ હજાર જેટલા સ્થાનોએથી મચ્છરોના બ્રીડીંગ મળતાં પોરાનાશક કામગીરી પણ કરી હતી. હજુ વધુ ત્રણ દિવસ સુધી આ સર્વેલન્સની કામગીરી ચાલશે.

જિલ્લાતંત્ર દ્વારા અત્યાર સુધીમાં ૮ લાખ જેટલા લોકોને આવરી લીધા છે. જ્યારે ૧ હજાર જેટલા લોહીના નમૂના ચકાસણી માટે મોકલી આપ્યા છે જે ઉલ્લેખનીય છે.

# આજે મનપાની સામાન્ય સભા

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર મહાનગર પાલિકાની સામાન્ય સભા મેયર પ્રવિણ પટેલના અધ્યક્ષ સ્થાને મનપાના સભાખંડમાં મળશે. મળનારી આજની સામાન્ય સભામાં સ્ટેન્ડીંગ કમિટી દ્વારા વોર્ડ નં. ૨ અને ૫ ને ઓ.ડી.એફ. જાહેર કરવાની ભલામણને બહાલી આપવા ઉપરાંત કર્મચારીઓને પગારપંચની ભલામણોનો લાભ આપવા માટેની ભલામણનો પણ સ્વીકાર કરાશે.

ગાંધીનગર મનપાની આ બેઠકમાં વિપક્ષ પણ શહેરના કેટલાક મહત્વના પ્રશ્નો ઉભા કરે તેવી શકયતાઓ છે. ખાસ કરીને સ્ટ્રીટલાઈટ, સ્વચ્છતા અભિયાન સહિતના મુદ્દાઓ પર તંત્રને ભીંસમાં લે તેવી શકયતાઓ છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com